# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪

CIN: U40102GJ2003SGC042908;

ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;

ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com


પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૯/ક્વા-૦૧/૨૦૨૨-૨૩/૫૪૧૩-૪ | તારીખ : 03 - ૦૮ - ૨૦૨૨

<u>રજી. એડી. પત્ર</u>

પ્રતિ,
નાથીબેન ડાયાભાઈ પરમાર
C/o. હીરાલાલ મુળજીભાઈ પરમાર,
મું. પો. : મેટોડા, તા. : પડધરી, જી. : રાજકોટ,
પીન કોડ. : ૩૬૦૧૧૦
મોબાઈલ : ૯૬૨૪૮૧૩૭૭૩

વિષય : અમારા પ્લોટની બાજુમાં રહેલ ટ્રાન્સફોર્મર ફેરવી આપવા બાબત.

સંદર્ભ: આપશ્રીની રજુઆત પત્ર નંબર : Nil, તા. ૨૧-૦૬-૨૦૨૨.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૨૯/ક્વા-૦૧/૨૦૨૨-૨૩ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ ગ્રામ્ય.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, રાજકોટ ગ્રામ્ય.

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, પડધરી.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામવા રોડ, રાજકોટ

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

**E-Mail- forum.pgvcl@gebmail.com**

પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૨૯/ક્વા-૧/૨૨-૨૩/૫૪૧૩-૪ તા.૦૩-૦૮-'૨૨

૨003 ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**Case No.PG-૨૯/ક્વા-૨/૨૨-૨૩**

અરજદાર : નાથીબેન ડાયાભાઈ પરમાર ગામ: મેટોડા

પેટાવિભાગીય કચેરી : પડધરી

રજૂઆત કરનાર : અરજદાર નાથીબેન ડાયાભાઈ પરમાર વતી પરમાર હીરાલાલ મુળજીભાઈ હાજર રહેલ છે.

## :: વિરુધ્ધ ::

સામાવાળા : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી - રાજકોટ ગ્રામ્ય

રજૂઆત કરનાર : શ્રી જી.એચ.પટેલ, કાર્યપાલક ઈજનેર, પી.જી.વી.સી.એલ., વિભાગીય કચેરી – રાજકોટ ગ્રામ્ય હાજર રહેલ છે.

## :: કોરમ ::

૧) ચેરપર્સન - શ્રી એન.સી.મકવાણા

૨) સભ્ય(ટેકનીકલ) - શ્રી એન.જી.કારીયા

૩) સભ્ય (સ્વતંત્ર) - શ્રીમતી નિતીનાબેન એચ. જોષી

સુનાવણી સ્થળ : કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ

તારીખ : ૨૦-૦૭-૨૦૨૨ (બુધવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૨૦-૦૭-૨૦૨૨ (બુધવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર નાથીબેન ડાયાભાઈ પરમારના કુલમુખત્યાર તરીકે શ્રી હિરાલાલ મુળજીભાઈ પરમાર રજુઆતમાં જણાવે છે કે ડાયાભાઈ મૂળજીભાઈ પરમારને તાલુકા વિકાસ અધિકારી સાહેબ લોધિકાના હુકમ નંબર જ. મ. ન.૧૨૧ તા:૧૭.૧.૮૩ થી પડધરી તાલુકાના મેટોડા સર્વે નં.૨૦૧ ના ગામતળ પ્લોટ નં.૧૮ ફાળવવામાં આવેલ છે, આ પ્લોટની સનદ જે તે સમયે આપવામાં આવેલ છે તેમજ રેવન્યુ રેકોર્ડ ગામ નં-૨ના ક્રમ નં ૪૩ ઉપર નોંધ કરવામાં આવેલ છે. સદર પ્લોટની જમીન મહેસુલ તેમજ શિક્ષણ ઉપકરની રકમ તેમજ ગ્રામપંચાયતના વેરાની રકમ સહિત વર્ષ ૨૦૨૧-૨૨ ની રકમ ભરપાઇ કરવામાં આવેલ છે. સદર ૧૦૦ ચોરસ વાર પ્લોટ સોંપવામાં આવેલ તે સમયે મકાન બનાવેલ ત્યારે ત્યાં કોઈ ટ્રાન્સફોર્મર હતું નહીં.

૨.૧ ઉપરોક્ત બાબતે તાલુકા વિકાસ અધિકારીશ્રી પડધરી તરફથી આ પ્લોટ નં.૧૮ વાળા ગામતળનો લે-આઉટ પ્લાન મંજૂર કરવામાં આવેલ ત્યારે પણ આ નકશામાં ટ્રાન્સફોર્મર બતાવેલ નથી તેમજ જે તે સમયે કાચું નળીયા વાળુ મકાન હોય નડતરરૂપ ન હોય તેમ જ પીજીવીસીએલ તરફથી મૌખિક બાહેધરી આપેલ કે પાકા સ્લેબ વાળા બનાવશો ત્યારે ટ્રાન્સફોર્મર ફેરવી આપશું.

૨.૨ અરજદાર વધુમાં જણાવે છે કે શ્રી મેટોડા ગ્રામ પંચાયતના ઠરાવ નં.૬ થી તા.૧૭.૬.૨૦૨૧ ના રોજ બાંધકામ રજાચિઠ્ઠી આપવામાં આવેલ છે આ બાંધકામ રજાચિઠી આપ્યા પછી અરજદાર દ્વારા અનેક વખત લેખિત તેમજ મૌખિક રજૂઆતો પડધરી પીજીવીસીએલ કચેરીએ કરવા છતાં ટ્રાન્સફોર્મર ફેરવવામાં આવેલ નથી તેમજ મૌખિક જણાવેલ કે ગ્રામ પંચાયતના લેટરપેડ પર સરપંચનો દાખલો લઇ આવો. જે અન્વયે અરજદાર દ્વારા ગ્રામ પંચાયતના લેટરપેડ પર સરપંચશ્રીની સહી સિક્કાવાળો તા.૨૨.૦૩.૨૦૨૨ નો દાખલો રજૂ કરતાં ડેપ્યુટી એન્જિનિયર સાહેબ પડધરી તરફથી કુરિયર નં.૨૪૦૧ તા.૨૬.૪.૨૦૨૨ થી રૂ.૨૨૩૮૧/- ભરવા અંગેની જાણ કરવામાં આવેલ. આ રકમ રૂ.૨૨૩૮૧/- ભરવાની જાણ થતા અરજદાર ફરીથી રૂબરૂ રજૂઆત કરવા જતાં ૧૦૦ ચોરસ વાર પ્લોટના દરેક ની સહીઓ તથા સરપંચશ્રીની સહી વાળો દાખલો રજૂ કરવાની સૂચના મળતાં ૧૦૦ ચોરસ વાર મફત પ્લોટના ૨૩ આસામીઓ તેમજ સરપંચશ્રીની સહી વાળો લેટરપેડ પર નો તા.૧૦.૫.૨૦૨૨ ના રોજનો દાખલો તેમજ નાથીબેન ડાયાભાઈ ની અરજી તેમજ તા.૦૨.૦૫.૨૦૨૨ ના રોજ સરપંચ તથા ૧૦૦ ચો.વા. વાળા ૨૦ મકાન ધારકોને સહીવાળી ઝેરોક્ષ નકલો તા.૧૧.૫.૨૦૨૨ થી રજી.એડી. પોસ્ટ થી મોકલેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

વધુમાં ગ્રામ પંચાયતના લેટરપેડ ઉપર તા.૨૨.૩.૨૦૨૨, તા.૦૨.૦૫.૨૦૨૨ તથા તા.૧૦.૫.૨૦૨૨ ના રોજની ભલામણ તેમજ અમારી અન્ય અરજીઓ ધ્યાને લીધા સિવાય નાયબ ઈજનેર સાહેબ પડધરી સબડિવિઝન સાહેબના જાવક નં. ૩૯૦૬, તા.૧૪.૬.૨૦૨૨ થી પી એસ ડી/૨૪૦૧ તા.૨૬.૪.૨૦૨૨ મુજબ ફર્મ કવોટેશન મોકલવામાં આવે છે. જે ભરપાઈ થયે આગળની કાર્યવાહી કરવામાં આવશે તેવું જણાવેલ છે.

૨.૩ અરજદાર વધુમાં જણાવે છે કે નાથીબેનના પતિ ડાયાભાઈ એટલે કે હીરાલાલના મોટાભાઈ નું અવસાન તા.૨૮.૩.૨૦૦૦ ના રોજ થયેલ છે જેની મરણ નોંધ મેટોડા ગ્રામ પંચાયતના મરણ રજીસ્ટર-૨૦૦૦ ના ક્રમ-૧ ઉપર નોંધ કરવામાં આવેલ છે. તેમને કોઈ સંતાન નથી જેથી નાથીબેનની દેખભાળ હીરાલાલ તથા તેમના પુત્રો કરે છે. નાથીબેન હાલ માધાપર, તા: રાજકોટ રહે છે. વૃધ્ધાવસ્થા હોય પડધરી પીજીવીસીએલના ધક્કા ખાઇને કંટાળી ગયેલ હોય તેઓએ હીરાલાલ મુળજીભાઈ પરમારને શ્રી એસપી કામદાર સાહેબ નોટરી રાજકોટના રજીસ્ટર નં.૧૨૩૬ તા.૧૫.૬.૨૦૨૨ ના કુલમુખત્યારનામું કરી તેઓના કુલમુખત્યાર નિમેલ છે. જે અરજી સાથે શામેલ રાખેલ છે.

૨.૪ અરજદાર વધુમાં વિનંતી સહ જણાવે છે કે સદર અરજી ધ્યાને લઇ અનુસૂચિત જાતિના વિધવા મહિલાને તેમજ સમગ્ર વિસ્તાર ૧૦૦ ચો. વાર મફત પ્લોટ ના એસ.સી./ઓ.બી.સી.ના મકાન ધારકોને ન્યાય આપવા વિનંતી. વધુમાં ચોમાસાની સીઝન હોય અતિભારે વરસાદ કે વાવાઝોડાથી આ પ્લોટ વિસ્તારના રહીશોની જાનહાનિ કે માલહાનિ થશે તો તેની સંપૂર્ણ જવાબદારી નાયબ ઈજનેરશ્રી પડધરી સબડિવિઝનની રહેશે. આમ, અરજદારના પ્રતીનીધીશ્રી દ્વારા સદર ટ્રાન્સફોર્મર વહેલી તકે ફેરવી આપવા અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદારની રજૂઆત અન્વયે - પી.જી.વી.સી.એલ. પક્ષકાર તરફથી જણાવાયેલ કે પડધરી પેટાવિભાગીય કચેરીના મેટોડા ગામના અરજદાર શ્રી નાથીબેન ડાયાભાઈ પરમાર દ્વારા પોતાના ઘરની બાજુમાં આવેલ વીજ ટ્રાન્સફોર્મર શિફ્ટિંગ બાબતની અરજી ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ તા.૨૧.૦૬.૨૦૨૨ ના રોજ કરેલ. સદર બાબત અન્વયે જણાવવાનું કે, સદર અરજદાર પરમાર નાથીબેન ડાયાભાઈ દ્વારા તા.૨૩.૦૩.૨૦૨૨ ના રોજ ડાયાભાઇ મૂળજીભાઈ પરમાર વતી પોતાના મકાનની બાજુમાં આવેલ ટ્રાન્સફોર્મર ફેરવવા બાબતની અરજી પડધરી પેટાવિભાગીય કચેરી ખાતે કરેલ હતી. જેના અનુસંધાને પડધરી પેટાવિભાગીય કચેરી દ્વારા પત્ર નંબર ૨૪૦૧ તા:૨૬.૦૪.૨૦૨૨ થી ડાયાભાઈ મુળજીભાઈ પરમારને સદર વીજ ટ્રાન્સફોર્મર ફેરવવા બાબતેનું એસ્ટીમેટ આપવામાં આવેલ હતું.

૩.૧ ત્યારબાદ તા.૦૩.૦૬.૨૦૨૨ ના રોજ પરમાર નાથીબેન ડાયાભાઇ દ્વારા ડાયાભાઇ મૂળજીભાઇ પરમાર વતી પોતાના મકાન ની બાજુમાં આવેલ ટ્રાન્સફોર્મર ફેરવવા બાબતની અરજી પડધરી પેટાવિભાગીય કચેરી ખાતે ફરીથી કરેલ હતી. જેના અનુસંધાને પડધરી પેટાવિભાગીય કચેરી દ્વારા પત્ર નંબર ૩૯૦૬ તા.૧૪.૦૬.૨૦૨૨ થી ડાયાભાઇ મુળજીભાઈ પરમારને સદર વીજટ્રાન્સફોર્મર ફેરવવા બાબતે ફર્મ કવોટેશન (એસ્ટીમેટ) ભરપાઈ કર્યા બાદ વીજટ્રાન્સફોર્મર ફેરવવાની કાર્યવાહી આગળ કરવામાં આવશે તેવું પત્રમાં જણાવેલ હતું.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખિત તેમજ મૌખિક રજૂઆત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર શ્રીમતી નાથીબેન ડાયાભાઈ પરમારની લેખિત રજૂઆત તા.૨૧.૦૬.૨૦૨૨ મુજબ તાલુકા વિકાસ અધિકારી, લોધિકાના હુકમ નંબર જ.મ.ન. ૧૨૧ તા.૧૭.૦૧.૮૩ થી પડધરી તાલુકાના મેટોડા સર્વે નં.૨૦૧ના ગામતળ પ્લોટ નં.૧૮ ફાળવવામાં આવેલ છે, આ પ્લોટની સનદ જે તે સમયે આપવામાં આવેલ છે તેમજ રેવન્યુ રેકોર્ડ ગામ નં.૨ ના ક્રમ નં.૪૩ ઉપર નોંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ શ્રી મેટોડા ગ્રામ પંચાયતના ઠરાવ નં.૬ થી તા.૧૭.૬.૨૦૨૧ ના રોજ સદર અરજદારને બાંધકામ રજાચિઠ્ઠી આપવામાં આવેલ છે. સદર અરજદારની જગ્યાની બાજુમાં આવેલ ટ્રાન્સફોર્મર નડતરરૂપ હોય ફેરવી આપવા લેખિત તેમજ મૌખિક રજૂઆતો પડધરી પીજીવીસીએલ કચેરીએ કરવા છતાં ટ્રાન્સફોર્મર સેન્ટર ફેરવી આપવામાં આવેલ નથી.

૪.૨ ત્યારબાદ સદર બાબતે સરપંચશ્રીનો દાખલો તા.૨૨.૦૩.૨૦૨૨ રજુ કરેલ તેમ છતાં પડધરી પી.જી.વી.સી.એલ. કચેરી દ્વારા તા.૨૬.૦૪.૨૦૨૨ થી રૂ.૨૨૩૮૧/- ભરપાઈ કરવા જણાવેલ. આમ, પીજીવીસીએલ દ્વારા તા.૨૨.૦૩.૨૦૨૨, તા.૦૨.૦૫.૨૦૨૨ અને તા.૧૦.૦૫.૨૦૨૨ ના રોજ સદર નડતરરૂપ ટ્રાન્સફોર્મર ફેરવી આપવા રજૂઆત કરેલ છે. તેમજ અરજદારના પતિનું તા.૨૮.૦૩.૨૦૦૦ ના રોજ અવસાન થયેલ છે, જેથી સદર અરજદારની દેખભાળ હીરાલાલ મુળજીભાઈ પરમાર દ્વારા કરવામાં આવે છે. તેમજ સદર મિલકત બાબતે રજૂઆત કરવા અંગે અરજદાર દ્વારા હીરાલાલ મુળજીભાઈ પરમારને પોતાના કુલમુખત્યાર નિમેલ છે. જે અંગે તેઓ દ્વારા રૂ.૩૦૦/- ના નોનજ્યુડીશીયલ સ્ટેમ્પ પેપર પર તા.૧૫.૦૬.૨૦૨૨ થી કરેલ કુલમુખત્યારનામું અરજી સાથે રજુ કરેલ છે.

૪.૩ આમ, ઉપરોક્ત બાબતે અરજદારની ફરિયાદ મુજબ તેઓની ઘરની બાજુમાં આવેલ નડતરરૂપ ટ્રાન્સફોર્મર શીફટીંગ કરવા બાબતે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા ભાવપત્રક આપેલ છે, જે માન્ય ન હોય અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ફરિયાદ નોંધાવેલ છે.

૪.૪ ઉપરોક્ત બાબતે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા કરેલ લેખિત રજૂઆત મુજબ સદર અરજદારના મકાનની બાજુમાં આવેલ ટ્રાન્સફોર્મર શીફટીંગ કરવા માટે અરજદારની અરજી અન્વયે તા.૧૪.૦૬.૨૦૨૨ થી એસ્ટીમેટ આપેલ છે જે ભરપાઈ થયે આગળની કાર્યવાહી કરવામાં આવશે.

૪.૫ ઉપરોક્ત વિગતોનો અભ્યાસ કરતા સ્પષ્ટ થાય છે કે અરજદારે પોતાના મકાનની બાજુમાં આવેલ ટ્રાન્સફોર્મર સેન્ટરને ખસેડવા માટે રજૂઆત કરેલ છે, જે પ્રાથમિક દ્રષ્ટિએ જોતા વ્યક્તિગત કિસ્સો છે આ સંજોગોમાં પીજીવીસીએલ દ્વારા કરેલ કાર્યવાહી ઉચિત જણાય છે.

૪.૬ ઉપરોક્ત બાબતોનો અભ્યાસ કરતા ભારત સરકાર દ્વારા પ્રકાશીત CENTRAL ELECTRICITY AUTHOURITY (MEASURES RELATING TO SAFETY AND ELECTRIC SUPPLY) REGULATION 2010 મુજબ સદર ફરિયાદને આનુષાંગિક કલોઝ નં. ૬૧ નીચે મુજબ નોંધાયેલ છે.

**Clause No. 61. Clearances from buildings of lines of voltage exceeding 650 V.-**

(1) An overhead line shall not cross over an existing building as far as possible and no building shall be constructed under an existing overhead line.

(2) Where an overhead line of voltage, exceeding 650 V passes above or adjacent to any building or part of a building it shall have on the basis of maximum sag a vertical clearance above the highest part of the building immediately under such line, of not less than-

| | | | |
|---|---|---|---|
| (i) | for lines of voltages exceeding 650 Volts up to and including 33,000 Volts | - | 3.7 metres |
| (ii) | for lines of voltages exceeding 33 kV | - | 3.7 metres plus 0.30 metre for every additional 33,000 Volts or part thereof. |

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

(3) The horizontal clearance between the nearest conductor and any part of such building shall, on the basis of maximum deflection due to wind pressure, be not less than-

| | | | |
|---|---|---|---|
| (i) | for lines of voltages exceeding 650 V up to and including 11,000 Volts | - | 1.2 metres |
| (ii) | for lines of voltages exceeding 11,000 V and up to and including 33,000 V | - | 2.0 metres |
| (iii) | for lines of voltages exceeding 33 kV | - | 2.0 metres plus 0.3metre for every additional 33kV or part thereof |

૪.૭ અરજદારની ફરિયાદ અન્વયે ઉપરોક્ત મુદ્દા નં ૪.૬ મુજબ ની વિગતે, પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા ઉભું કરાયેલ વીજ ટ્રાન્સફોર્મર – અરજદારના ઘરથી આડુ અને ઉભું અંતર (Horizontal and Vertical distance) સલામતીના અંતર મુજબ છે કે કેમ તેની ખરાઈ કરવી. તેમજ જો ઉપરોક્ત નિયમાધીન અંતરથી ઓછુ અંતર હોય તો સલામતીના નિયમોને ધ્યાને લઈને વીજમાળખામાં જરૂરી ફેરફાર કરવા પી.જી.વી.સી.એલ. પક્ષકારને સુચના આપવામાં આવે છે.

૪.૮ સદર ઉભેલ વીજટ્રાન્સફોર્મરની જગ્યાની માલિકી ગ્રામ્ય વિસ્તારની હોય તેમજ રસ્તા તેમજ ફળિયા અને શેરીઓ પહોળા કરવાની જરૂરિયાત ઉભી થતી રહેતી હોય તેમજ જે સદર વિસ્તારના જાહેર માર્ગો પર અડચણરૂપ હયાત વીજવિતરણ લાઈનો અને તેને સંલગ્ન વીજમાળખાનું શીફટીંગ જરૂર હોય ત્યાં સલામતીને ધ્યાનમાં રાખતા કામગીરી કરવા માટે ગુજરાત સરકારના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના ઠરાવ ક્રમાંક : બજટ-૧૩૨૦૨૧-૨૯૯૯-ક૧ તા.૧૬/૦૫/૨૦૨૨ માં કરેલ જોગવાઈ મુજબ લાગુ પડતી શરતોનું પાલન થતું હોય તો સદર ઠરાવ મુજબ જરૂરી દરખાસ્ત મળ્યે થી વીજકંપની દ્વારા કામગીરી હાથ ધરવાની રહેશે.

૪.૯ સદર કેસમાં અરજદારની રજૂઆત મુજબ તેઓના મકાનની બાજુમાં નડતરરૂપ વીજ ટ્રાન્સફોર્મર ફેરવી આપવાની રજૂઆત મુજબ પીજીવીસીએલ દ્વારા અપાયેલ ભાવપત્રક યોગ્ય છે. વધુમાં ઉપરોક્ત મુદ્દા નં. ૪.૭

અને ૪.૮ મુજબની બાબતો લાગુ પડતી હોય તો તે મુજબની કાર્યવાહી કરવા પીજીવીસીએલ પક્ષકાર તેમજ અરજદારને જાણ કરવામાં આવે છે.

૪.૧૦ ઉપરોક્ત મુદ્દા નં. ૪.૯ ની વિગતે હુકમ કરવામાં આવે છે. તેમજ થયેલ કાર્યવાહીનો વિગતવાર અહેવાલ દિવસ-૩૦ માં અત્રેના ફોરમ સમક્ષ રજુ કરવા પીજીવીસીએલ પક્ષકારને સુચના આપવામાં આવે છે.

૪.૧૧ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| (એન.એચ.જોષી) | (એન.જી.કારીયા) | (એન.સી.મકવાણા) |
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેક) | ચેરપર્સન |

નોંધ: અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિવસ-૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ રજૂઆત કરવા માટે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) ના વિનિયમો ૨૦૧૯ ના જાહેરનામા નં.૨/૨૦૧૯ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે અને કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. લોકપાલશ્રીની કચેરીનું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, કનકરોડ, ત્રિકોણ બાગ, રાજકોટ-૩૬૦૦૦૧

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot